Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 2 • Issue :06• Date : 30-05-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

## નવીન બાબુની તબિયત અચાનક કેવી રીતે બગડી? કોઈ ષડયંત્રનો ભાગ તો નથી ને : પીએમ મોદી

મયુરભંજ

ઓડિશાના મયુરભંજમાં એક જનસભાને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યની **BJD** સરકાર અને મુખ્યમંત્રી નવીન પટનાયક પર જોરદાર પ્રહારો કર્યા હતા.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, 'આ ચૂંટણીમાં દેશની સાથે-સાથે ઓડિશાનું ભવિષ્ય પણ નક્કી થશે.' આ દરમિયાન પીએમ મોદીએ પણ જાહેરાત કરી હતી કે, 'ઓડિશામાં બીજેપીના **CM** બનવું નિશ્ચિત છે.' તેમણે રેલીમાં તારીખ પણ જણાવી કે, ઓડિશામાં બીજેપીના **CM** ૧૦ જૂને શપથ લેવાના છે. આ દરમિયાન તેમણે મુખ્યમંત્રી નવીન પટનાયક પર પણ કટાક્ષ કર્યો કે, છેલ્લા એક વર્ષમાં તેમની તબિયત અચાનક કેવી રીતે બગડી? નવીન બાબુની તબિયત કોઈ ષડયંત્રનો ભાગ તો નથી ને? જો અમારી સરકાર બની તો ઓડિશાના સીએમની તબિયત કેમ બગડી રહી છે, તેના માટે અમે વિશેષ સમિતિ બનાવીને તેની તપાસ કરાવીશું.હકીકતમાં, એક દિવસ પહેલા જ નવીન પટનાયકનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં તેનો એક હાથ ધ્રૂજતો જોવા મળ્યો હતો. આ વીડિયો બહાર આવ્યા બાદ તેના સ્વાસ્થ્યને લઈને અટકળો શરૂ થઈ ગઈ હતી.

ત્યારે ઓડિશાના મયુરભંજમાં એક રેલીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, અહીંના લોકોએ ૨૫ વર્ષ સુધી બીજુ જનતા દલ **(BJD)** પર વિશ્વાસ કર્યો, પરંતુ આ પાર્ટીની સરકારે લોકોના વિશ્વાસ સાથે દગો કર્યો. બીજેડી સરકારે આદિવાસીઓની જમીન હડપ કરી છે અને અહીંના કુદરતી સંસાધનોને લૂંટી લીધા છે.  આ દરમિયાન વડાપ્રધાન મોદીએ બીજેડી સરકાર




પર આદિવાસીઓની જમીન હડપ કરવાનું ષડયંત્ર રચવાનો આરોપ પણ લગાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, બીજેડી સરકારે આદિવાસીઓની જમીન હડપ કરવા માટે કાયદો લાવ્યો પરંતુ જ્યારે ભાજપે દબાણ કર્યું તો તે કાયદો પાછો ખેંચવો પડ્યો. વડાપ્રધાને નિશાન સાધ્યું કે, જો તેમને ફરીથી સરકાર ચલાવવાની તક મળશે તો તેઓ ફરી એકવાર આદિવાસીઓની જમીન હડપ કરવાનું ષડયંત્ર રચશે. વડાપ્રધાન મોદી કહ્યું કે, જેણે પણ અહીંના સંસાધનોને લૂંટ્યા છે તેને પરત કરવા પડશે, લૂંટનો માલ ગમે ત્યાં છુપાવે છે, મોદી એક એક પૈસો કાઢી લેશે. લૂંટારાઓ જેલમાં જશે. જનતા સાથે દગો કરનારાઓ પ્રત્યે કોઈ સહાનુભૂતિ રાખવામાં આવશે નહીં. વડાપ્રધાને અહીં ફરી એકવાર રત્ન ભંડારની ચાવીઓનો મુદ્દો ઉઠાવ્યો અને પટનાયક સરકારને પણ ઘેરી લીધી હતી. તેમણે કહ્યું હતું કે, આખો દેશ જાણવા માંગે છે કે રત્ન ભંડારની ચાવીઓ ક્યાં ગઈ? તપાસ રિપોર્ટમાં કોનું નામ છે? આ સાથે તેમણે એવો પણ દાવો કર્યો હતો કે, બીજેડી સરકાર જે પણ છુપાવી રહી છે, અમારી સરકાર તેને જાહેર કરશે.વડાપ્રધાન મોદીએ અહીં કહ્યું કે, કોઈએ કલ્પના પણ નહીં કરી હોય કે દેશમાં ક્યારેય મફત સારવાર અને અનાજ મળી શકશે. આ માત્ર ટ્રેલર છે, આવનારા પાંચ વર્ષમાં ઘણી વધુ સુવિધાઓ ઉપલબ્ધ થશે. જે વિકાસ દાયકાઓમાં દેખાતો ન હતો તે માત્ર એક દાયકામાં દેખાઈ ગયો છે. ૨૦૧૪માં આપણે વિશ્વની ૧૧મી સૌથી મોટી અર્થવ્યવસ્થા હતી. પરંતુ આજે તે ૫મી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. વડાપ્રધાન મોદીએ બુધવારે સવારે પશ્ચિમ બંગાળના મથુરાપુરમાં **TMC** પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ટીએમસી પશ્ચિમ બંગાળની ઓળખને ખતમ કરવાનો પ્રયાસ કરી રહી છે.

## સંપૂર્ણ રીતે સુરક્ષિત છે સ્ટ્રોંગ રૂમ, EVM અને CCTV

### BJP ઉમેદવાર સૈમિત્ર ખાએ સ્ટ્રોંગ રૂમમાં ઈવીએમ અને સીસીટીવી સાથે છેડછાડ થવાનો આરોપ લગાવ્યો હતો

કોલકાતા

પશ્ચિમ બંગાળની વિષ્ણુપુર સીટથી સાંસદ અને ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર સૈમિત્ર ખાએ થોડા દિવસો પહેલા સ્ટ્રોંગ રૂમમાં ઈવીએમ અને સીસીટીવી સાથે છેડછાડ થવાનો આરોપ લગાવ્યો હતો. બુધવારે બાંકુરા પોલીસે આ આરોપો અંગે સ્પષ્ટતા કરી હતી. પોલીસે આરોપોનું ખંડન કરતા કહ્યું કે સ્ટ્રોંગ રૂમ સંપૂર્ણ રીતે સુરક્ષિત છે.

બાંકુરા પોલીસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ **'X'** પર એક પોસ્ટ શેર કરી અને લખ્યું, 'કેટલાક સોશિયલ મીડિયા હેન્ડલ્સે ૩૭-વિષ્ણુપુર લોકસભા મતવિસ્તારના સ્ટ્રોંગ રૂમમાં **EVM** અને **CCTV** સાથે છેડછાડનો આરોપ લગાવતા વણચકાસાયેલ વીડિયો પોસ્ટ કર્યા છે. પોસ્ટ્સ હકીકતમાં ખોટી અને ભ્રામક છે. ચૂંટણી પંચના પ્રોટોકોલ મુજબ વિષ્ણુપુરનો સ્ટ્રોંગ રૂમ સંપૂર્ણપણે સુરક્ષિત છે. પોલીસે લખ્યું, 'સ્ટ્રોંગ રૂમ કોમ્પ્લેક્સમાં પોલીસ અધિકારીઓને દર્શાવતો વીડિયો સીએપીએફ જવાનોની હાજરીમાં વરિષ્ઠ અધિકારીઓ દ્વારા સુરક્ષા વ્યવસ્થાના નિયમિત નિરીક્ષણના સમયનો છે. ચૂંટણી પંચના પ્રોટોકોલ મુજબ આવા તમામ નિરીક્ષણો ફરજિયાતપણે **CAPF** ની લોગબુકમાં નોંધવામાં આવે છે. સ્ટ્રોંગ રૂમના દરવાજા સંપૂર્ણપણે સીલ કરવામાં આવે છે, જે ચૂંટણી લડતા ઉમેદવારોની હાજરીમાં કરવામાં આવે છે.

'રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ નજર રાખી રહ્યા છે' પોસ્ટમાં આગળ લખવામાં આવ્યું છે કે, 'અન્ય વિડિયોમાં ઈલેક્ટ્રોનિક ડિવાઈસ લઈને જતી જોવા મળેલી વ્યક્તિ ચૂંટણી પંચનું માન્ય આઈડી કાર્ડ ધરાવનાર અધિકૃત વ્યક્તિ છે.

વીડિયોમાં તે સ્પષ્ટપણે કહેતો જોઈ શકાય છે કે તે સ્ટ્રોંગ રૂમના નહીં પણ **DC/RC**ના સીસીટીવી કેમેરા હટાવવા આવ્યો છે.પોલીસે સ્પષ્ટતા કરી કે, 'સ્ટ્રોંગ રૂમમાં સીસીટીવી કેમેરા લાગેલા છે અને તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ ચોવીસ કલાક તેમના પર નજર રાખી રહ્યા છે. **DC/RC** એરિયા સ્ટ્રોંગ રૂમથી અલગ છે અને ઈફસ્જમા થયા પછી તેને લોક કરી દેવામાં આવે છે. તેથી ડીસી/આરસી કેમેરા હવે ઉપયોગી નથી. સ્ટ્રોંગ રૂમના સીસીટીવી કેમેરા ન તો બદલાયા છે અને ન તો હટાવાયા છે.

બાંકુરા પોલીસે જણાવ્યું કે, 'તમામ ઉમેદવારોએ તારીખ ૨૭ મેની સાંજે રિટર્નિંગ ઓફિસરની સાથે સ્ટ્રોંગ રૂમની મુલાકાત લીધી હતી અને સ્ટ્રોંગ રૂમની સુરક્ષા અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.  જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષકે વ્યક્તિગત રીતે સ્ટ્રોંગ રૂમની મુલાકાત લીધી અને જોયું કે તમામ સુરક્ષા પ્રોટોકોલનું પાલન કરવામાં આવી રહ્યું છે. સ્ટ્રોંગ રૂમ સલામત, સુરક્ષિત અને સંપૂર્ણપણે **CCTV** સર્વેલન્સ હેઠળ છે. **CAPFs** અને રાજ્ય સશસ્ત્ર પોલીસની દ્વિસ્તરીય સુરક્ષા ચોવીસ કલાક સતર્ક ફરજ પર છે.

## દેશના પહાડી રાજ્યોમાં પણ ગરમીએ હાહાકાર મચાવ્યો

નવી દિલ્હી

દેશભરમાં વિષણ ગરમીથી લોકો ત્રાસી ગયા છે ત્યારે હાલમાં પહાડી રાજ્યોમાં પણ ગરમી હાહાકાર મચાવી રહી છે જોઈએ તો રાજસ્થાનમાં ગરમી એ ૨૫ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો છે ત્યારે દિલ્હીમાં ગરમીનું તાપમાન ૫૦ ડિગ્રી નોંધાયો છે.

જમ્મુ-કાશ્મીરના જમ્મુ ડિવિઝનમાં પારો ૪૩ ડિગ્રીએ પહોંચી ગયો છે. જેના કારણે શાળાઓમાં રજા જાહેર કરવી પડી હતી.  આકાશમાંથી વરસી રહેલા આગના કારણે ઉત્તર ભારતમાં ઉકળવા લાગ્યું છે. રાજસ્થાનના ચુરુમાં પણ તાપમાનનો પારો ૫૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયો છે. અન્ય શહેરોમાં પણ તાપમાન ૪૮-૪૯ ડિગ્રીની આસપાસ નોંધાયું છે. દિલ્હીમાં પણ તાપમાન ૫૦ ડિગ્રીને સ્પર્શી રહ્યું છે. તે જ સમયે, યુપીના ઝાંસીમાં દિવસનું તાપમાન ૪૯ ડિગ્રી હતું. આગરામાં તાપમાન ૪૮.૬ ડિગ્રી અને વારાણસીમાં ૪૭.૬ ડિગ્રી હતું.

## તંત્રીની કલમે.................

# સરળ ભાષામાં લખાવવા જોઈએ કોર્ટના નિર્ણયો

સરળ અને સમજમાં આવી શકે તેવા કોર્ટના નિર્ણયોના અનેક વિકલ્પો છે. નિર્ણયોનો મુખ્ય આધાર કાનૂન છે, જે જટિલ હોવા સાથે અંગ્રેજી ભાષામાં છે. ભારે દસ્તાવેજ અને લાંબી સુનાવણી બાદ વિરોધાભાસી નિર્ણયોના કારણે કેસને સંલગ્દ્ધ સમય, ખર્ચ સહિતની બાબતો પર ભાર વધતો જાય છે.

મહાત્મા ગાંધીજીએ ૧૯૦૯માં કહ્યું હતું કે, ઉંચા પદો પર બેઠેલા લોકોની એકમાત્ર ચિંતા પદ પર ટકી રહેવાની હોય છે. જેના કારણે તેઓ ન્યાય પ્રત્યે ઓછો રસ દાખવે છે. અંગ્રેજી શાસન ખત્મ થયા બાદ અનેક દસકાઓ બાદ ૨૧મી સદીમાં પણ વધુ બદલાવ થયો નથી. સંવિધાનમાં ગાંધીજીના આદર્શોનું અનુમોદન કરતા મુખ્ય ન્યાયાધીશ ડીવાઈ ચંદ્રચુડે કહયું હતું કે, ન્યાયાધીશ રાજકુમાર નથી. ન્યાયાધીશ લોકોની સેવા કરવા અને અધિકાર અપાવવા હોય છે. આથી તેઓ સાચા અને સમજવા યોગ્ય નિર્ણય લખવાની જવાબદારીથી બચી ન શકે. અશિક્ષિત લોકો વાંચી શકતા નથી પરંતુ મોટાભાગના શિક્ષિત લોકો માટે પણ કોર્ટના નિર્ણયો સમજવા મુશ્કેલ હોય છે. મુખ્ય ન્યાયાધીશના નિવેદનના ચાર મુખ્ય પાસાં પર ચર્ચા જરુરી છે.

પ્રથમ : ન્યાયાધીશ રાજકુમાર નથી હોતા : જિલ્લા અદાલતોમાં મેજીસ્ટ્રેટ અને ન્યાયાધીશોની નિયુકિત પરીક્ષા અને ઈન્ટરવ્યૂથી થાય છે. પરંતુ હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટમાં ન્યાયાધીશની કોલેજિયમ દ્વારા નિયુકિત થાય છે. મોદી સરકારને જો ત્રીજો કાર્યકાળ મળશે તો ન્યાયાધીશોની નિયુકિત માટે ન્યાયિક આયોગના કાયદા નવેસરથી બનાવવાની કોશિશ થશે. નિયુકિત પ્રણાલીની સાથે સાથે ન્યાયાધીશોને હટાવવા માટે બનાવવામાં આવેલ મહાભિયોગ પ્રક્રિયાની પણ આલોચના થાય છે. સંવિધાન લાગુ થયાના ૭૪ વર્ષ બાદ હજી સુધી કોઈપણ ન્યાયાધીશને મહાભિયોગથી હટાવવામાં આવ્યા નથી. કેટલાય નિવૃત ન્યાયાધીશોએ ન્યાયિક વ્યવસ્થામાં સામંતવાદની આલોચના કરી છે.

દ્વિતિયઃ ન્યાયાધીશ લોકોની સેવા કરવા અને અધિકાર અપાવવા માટે હોય છે : આ મામલે સુપ્રિમ કોર્ટનો મહત્વનો નિર્ણય આવ્યો છે. જે અનુસાર વકીલોને ઉપભોકતા સંરક્ષણ કાયદાથી બહાર રાખવામાં આવ્યા છે.વર્ષ ૧૯૯૬માં આઈએમએ મામલામાં સુપ્રિમ કોર્ટે ડોકટરોને ઉપભોકતા સંરક્ષણ કાનૂનના દાયરામાં લાવવાનો નિર્ણય આપ્યોહતો. હવે તેની પર પુર્નવિચારની વાત થઈ રહી છે. વકીલોએ એ તર્ક આપ્યો હતો કે, કોર્ટ કેસમાં કલાયન્ટ અને વકીલો ઉપરાંત ન્યાયાધીશનો ત્રીજો પક્ષ સામેલ હોય છે. આથી ઉપભોકતા સંરક્ષણ કાનૂન અંતર્ગત વકીલોની જવાબદારી બનવી ન જોઈએ પરંતુ મુખ્ય ન્યાયાધીશે પોતાના નિવેદનમાં ન્યાયાધીશોને સર્વિસ પ્રદાતા બતાવ્યા હોવાથી અવઢવ વધી શકે છે. ખોટા અથવા વિલંબથી નિર્ણય આપનાર ન્યાયાધીશો વિરુદ્ધ અયોગ્યતા, ભ્રષ્ટાચાર અને સંવેદનહીનતાના આધાર પર વેતન વૃદ્ધિ કે પદ ઉન્નતિ રોકવાની કે બરખાસ્ત કરવા જેવા દંડાત્મક પ્રાવધાનોની માંગ વધી શકે છે.

તૃતિય : ન્યાયાધીશ લોકોને અધિકાર અપાવે છે : દિલ્હી શરાબ ગોટાળાના એક આરોપી અમનદીપ સિંહના મામલામાં સુપ્રીમ કોર્ટે નવા નિર્ણય અનુસાર જામીન અંગે ઝડપથી નિર્ણય ન આવવાથી લોકોને વિના કારણ જેલમાં રહેવું પડે છે. ન્યૂઝકિલકના મામલામાં સુપ્રીમ કોર્ટે પ્રબીર પુરકાયસ્થની ધરપકડને ગેરકાયદેસર ગણાવીને છૂટકારાનો નિર્ણય કર્યો હતો. જેઓને આઠ મહિના જેલમાં રહેવું પડયું હતું. તેમની ગેરકાયદે ધરપકડ અને સંવૈધાનિક અધિકારોના હનન માટે પોલીસ અને તપાસ એજન્સીઓની સાથે જિલ્લા અદાલતો અને હાઈકોર્ટના ન્યાયાધીશોની પણ જવાબદારી બને છે. પચાસ દિવસની કેદ બાદ અરવિંદ કેજરીવાલને સુપ્રીમ કોર્ટે વચગાળાના જામીન આપ્યા હતા. આ નિર્ણયને ધ્યાને લઈને પંજાબ હાઈકોર્ટે કોંગ્રેસના એક નેતાને ચૂંટણી પ્રચાર માટે વચગાળાના જામીન આપ્યા હતા. પરંતુ સુનાવણી ફરીથી ટળવાનાક ારણે હેમંત સોરેનને ચૂંટણી પ્રચારનો હક મળી શકયો નહી. વચગાળાના જામીન પર સુપ્રીમ કોર્ટના નિર્ણયને સાચા ઉપાય તરીકે આગળ વધારવામાં આવે, તો હજારો લોકોને જેલના બંધનમાંથી મુકિત મળી શકે છે. શું જામીનની અરજી વગર વચગાળાના જમીન મળી શકે છે ? જો જેલમાં મત આપવાનો અધિકાર નથી તો ચૂંટણી પ્રચારનો સંવૈધાનિક અધિકાર કેવી રીતે મળી શકે? શું નેતાઓને સામાન્ય પ્રજાજનથી વધુ અધિકાર હાંસલ છે? આવા અનેક મામલાઓમાં ન્યાયિક એકરુપતા આવે, તો આરોપીને જિલ્લા અદાલતો અને હાઈકોર્ટમાંથી જામીન મળવામાં આસાની રહેશે. ચોથું : સરળ અને સમજી શકાય તેવા નિર્ણયોના અનેક વિકલ્પો છે : કોર્ટના નિર્ણયનો મુખ્ય આધાર કાયદો છે, જે જટિલ હોવાની સાથે અંગ્રેજી ભાષામાં છે. અનેક ન્યાયાધીશ કાનૂનથી વધુ વકીલના ચહેરા અને આરોપીની હૈસિયત અનુસાર નિર્ણય આપતા હોય છે. કેટલાક નિર્ણયોમાં વ્યકિતગત આગ્રહ પ્રભાવી હોય છે.

### પોલીસ પકડી ન જાય તે માટે તમામ પુરુષો ફરાર થયા

# સાબરકાંઠાના ગામડી ગામમાં ગામના તમામ પુરુષો ફરાર

### તાજેતરમાં અકસ્માતના બનાવમાં ગામના એક વ્યક્તિનું મોત નીપજ્યા બાદ રોષે ભરાયેલા ગ્રામજનોએ નેશનલ હાઈવે બ્લોક કરી દીધો હતો

સાબરકાંઠા

ગુજરાતના એક છેવાડાના ગામમાં હાલમાં એકપણ પુરુષ નથી માત્ર મહિલાઓ જ જોવા મળી રહી છે. ઘર-પરિવારની તમામ જવાબદારીઓ મહિલાઓ પર આવી પડી છે. સાબરકાંઠાના ગામડી ગામમાં છેલ્લા ૫ દિવસથી આ ગામના પુરુષો ફરાર છે. ગામડી ગામ પાસે તાજેતરમાં અકસ્માતના બનાવમાં ગામના એક વ્યક્તિનું મોત નીપજ્યા બાદ રોષે ભરાયેલા ગ્રામજનોએ નેશનલ હાઈવે બ્લોક કરી દીધો હતો.

બ્લોક ખોલાવવા ગયેલી પોલીસ પર પણ પથ્થરમારો થયો હતો અને પોલીસ વાહન સળગાવી દીધું હતું. પોલીસે ટોળાને વિખેરવા ૧૨૦થી વધારે ટિયરગેસના શેલ છોડ્યા હતા.આ બનાવને લઈ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ૪૨ લોકો સામે નામજોગ સહિત ૭૦૦ના ટોળા સામે ગુનો નોંધાયો છે. જેથી પોલીસ પકડી ન જાય તે માટે ગામના તમામ પુરુષો ફરાર થઈ ગયાં છે.

છેલ્લા ૫ દિવસથી ગામમાં કોઈપણ પુરુષ ફરક્યા નથી, માત્ર મહિલાઓના હવાલે ઘરો છે. તેવામાં મહિલાઓની મુશ્કેલી વધી ગઈ છે. પરિવારની જવાબદારી સાથે-સાથે પશુપાલન અને ખેતીનું કામ પણ કરવું પડી રહ્યું છે.

ડેરી બંધ હોવાના કારણે મહિલાઓ દૂધ રખડતા શ્વાનને અથવા તો પોતાનો ઢોરને પીવડાવવા મજબૂર છે. અન્ય પાયાની જરુરીયાતો માટે પણ મહિલાઓ હેરાન થઈ રહી છે. તેમની એવી માંગ છે કે, ગામમાં ડેરી સહિતની પાયાની જરૂરી વસ્તુઓ શરૂ કરવામાં આવે તો તેમની ઘણી સમસ્યાઓનું સમાધાન આવી શકે. પોલીસના ડરથી ગામના પુરુષો ક્યાં સુધી ભાગતા રહેશે તે પણ સૌથી મોટો સવાલ છે. ગામડી પાસે અકસ્માત બાદ બનેલા બનાવમાં ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં સાબરકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ સહિત ૪૨ના નામજોગ ફરિયાદ નોંધાયા બાદ પોલીસે એક મહિલા સહિત ૧૦ જણાની ધરપકડ કરી છે.

આ અંગે હિંમતનગરના ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં હેડકોન્સ્ટેબલ ઈન્દ્રવિજયસિંહ તખતસિંહે નોધાવેલી ફરિયાદ મુજબ, ગામડી ગામના ૪૨ સહિત ૭૦૦ના ટોળાએ ગેરકાયદેસર મંડળી રચીને પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે નેશનલ હાઈવે રોડ પર ચક્કાજામ કરી તેના ઉપર લાકડા અને ટાયરો સળગાવ્યા હતા.

# જિલ્લાના ફુડ એન્ડ ડ્ર્ગસ વિભાગની ટીમ દ્વારા સંજેલીમાં ઓચિંતી તપાસ હાથ ધરાઈ

### ૧૭ જેટલા ખાદ્ય પદાર્થોના નમુના લીધાઃ પાણી પકોડીની લારીઓમાંથી શંકાસ્પદ જણાતો રગડો તેમજ ૨૦ લીટર પાણીપુરીના પાણીનો નાશ કર્યો



દાહોદ

દાહોદ જિલ્લામાં ફૂડ એન્ડ ડ્ર્ગસ વિભાગની ટીમ દ્વારા સંજેલી તાલુકા તથા કદવાલ ગામમાં ખાદ્ય પદાર્થની દુકાનો, જ્યુસની લારીઓ, પાણી પકોડીની લારીઓ તેમજ ઠંડા પીણા અને આઈસ્ક્રીમની દુકાનોમાં ઓચિંતી તપાસ હાથ ધરી ખાદ્ય પદાર્થોના કુલ ૧૭ જેટલા નમુના લઈ લેબોરેટરીમાં મોકલી આપ્યાનું તેમજ પાણી પકોડીની લારીઓ પરથી શંકાસ્પદ જણાતો રગડો તેમજ પાણીપુરીના પાણીનો સ્થળ પર જ નાશ કર્યાનું જાણવા મળ્યું છે. જાણવા મળ્યા મુજબ દાહોદ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી એકધારી સતત રીતે પડી રહેલી કાળઝાળ ગરમી અને તેના પગલે હિટ વેવના કારણે કાળઝાળ ગરમીથી બચવા સરકાર દ્વારા વિશેષ એડવાઈઝરી જાહેર કરવામાં આવી હતી. હીટવેવને કારણે હીટસ્ટ્રોકની સાથે સાથે ડીહાઈડ્રેશનના પણ કેસો સામે આવ્યા. ત્યારે આ કાળઝાળ ગરમીથી રાહત મેળવવા લોકો ઠંડા પીણા તેમજ આઈસ્ક્રીમ જેવી ચીજ વસ્તુઓનો વધુ પડતો ઉપયોગ કરવા લાગતા તે બાબતને ધ્યાનમાં લઈ તગડો નફો મેળવવા બજારમાં ડુપ્લીકેટ ઠંડા પીણા તથા આઈસ્ક્રીમ નું વેચાણ કેટલાક લોકો કરતા હોવાનું લાગતા વળગતા તંત્રના ધ્યાને આવતા આજે દાહોદ જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ડેઝિગનેટેડ ઓફિસર વિપુલ ડી રાણાની સુચના અને માર્ગદર્શન હેઠળ ફૂડ એન્ડ સેફટી ઓફિસરની ટીમે આજે મંગળવારે સંજેલી તાલુકામાં તેમજ કદવાળ ગામમાં નાસ્તા તેમજ ફરસાણની દુકાનો, આઈસ્ક્રીમ, ઠંડા પીણા તેમજ શરબતનું વેચાણ કરતી હાથ લારીઓ, દુકાનો તેમજ હાટડીયો, કેરીના રસનું વેચાણ કરતી લારીઓ તથા પાણી પકોડીની લારીઓ તેમજ ખૂમચાઓ ઉપર ઓચિંતી તપાસ હાથ ધરી હતી. જેમાં કુલ છ જેટલી પાણી પકોડીની લારીઓ, ચાર જેટલી કેરીના જ્યુસની લારીઓ તેમજ દુકાનો અને આઈસ્કીમ અને લસ્સીનું વેચાણ કરતી પાંચ જેટલી દુકાનોમાં તપાસ હાથ ધરી કુલ ૧૭ જેટલા ખાદ્ય પદાર્થોના નમુના લઈ તપાસ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન પાણી પકોડીની લારીઓમાંથી પકડી પાડેલો શંકાસ્પદ જણાતો રગડો તેમજ ૨૦ લીટર જેટલા પાણી પકોડીના પાણીનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. ફૂડ એન્ડ સેફટી ઓફિસરની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી ઓચિંતી તપાસના પગલે ડુપ્લીકેટ ખાદ્ય પદાર્થો તેમજ ઠંડા પીણા આઈસ્ક્રીમ વગેરેનું વેચાણ કરતા તત્વોમાં ભારે ફફડાટ ફેલાવા પામ્યો છે.

### રાજ્યમાં ગેરકાયદે ચાલતા ગેમ ઝોનમાં ચેકિંગ

# શહેરના ગેરકાયદે ગેમ ઝોન સંચાલકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ

## અમદાવાદના સોલા પોલીસ સ્ટેશનમાં બે, આનંદનગર અને નિકોલના એક સંચાલકો સામે ગુનાઓ નોંધાયા

અમદાવાદ

રાજકોટ અગ્નિકાંડને પગલે સમગ્ર રાજ્યના તમામ પોલીસ કમિશનર તથા તમામ જિલ્લા પોલીસ વડાઓ સહિતના અધિકારીઓની ઊંઘ ઊડી ગઈ છે. સમગ્ર તંત્રને સરકાર દ્વારા રાજ્યમાં ગેરકાયદે ચાલતા ગેમ ઝોનમાં ચેકિંગ કરવાની સખત તાકીદ કરવામાં આવી છે અને તેને આધારે કડક કાર્યવાહી કરવાના આદેશ આપવામાં આવ્યા છે, તેના આદેશના પગલે અમદાવાદમાં પણ તંત્ર કામે લાગી ગયું હતું . દરમિયાનમાં શહેરના સોલા પોલીસ સ્ટેશનમાં બે અને આનંદનગર તથા નિકોલના એક એક સંચાલકો સામે ગેરકાયદે ગેમ ઝોન ચલાવવાના આરોપ સર ગુના નોંધવામાં આવ્યા છે. શહેરના ચાર ગેમ ઝોનના માલિક વિરુદ્ધ પોલીસે ગુનાઓ નોંધવાની તજવીજ હાથ ધરી છે. સોલા, આનંદનગર અને નિકોલ પોલીસે તેમની હદમાં ચાલતા ગેરકાયદે ગેમ ઝોનના માલિકો વિરુદ્ધ કોર્પોરેશનના અભિપ્રાય બાદ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે. ગોતામાં આવેલા ફન ગ્રીટો, જોધપુર સીમા હોલ નજીક ફાયર એનઓસી તથા પોલીસ પરવાનગી વિના ચાલી રહેલા ગેમ ઝોનને સીલ મારવામાં આવ્યું છે. તેના સંચાલક વિજય પટેલ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. બીજીતરફ નિકોલના પ્લેટિનિયમ પ્લાઝામાં આવેલા ફન કેમ્પસ ગેમઝોનમાં પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં પણ ફાયર એન.ઓ.સી તથા પોલીસ પરવાનગી ઉપરાંત હવા-ઉજાસ માટેની બારીઓ ઉપલબ્ધ નહીં હોવાના કારણોસર કોર્પોરેશન દ્વારા ગેમ ઝોનને સીલ કરી દેવાયું છે. સાથે જ નિકોલ પોલીસ સ્ટેશને ગેમ ઝોનના સંચાલક વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરની સોલા, આનંદનગર તથા નિકોલ પોલીસે તેમના વિસ્તારમાં ચાલતા ગેરકાયદે ગેમ ઝોનના માલિક વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. ગોતામાં આવેલા ફન ગ્રીટોમાં પણ સરકારી નિયમોને નેવે મૂકીને ગેમ ઝોન ચલાવવામાં આવતું હતું, જોધપુરમાં સીમા હોલ નજીક આવેલા ગેમ ઝોનમાં ફાયર એન.ઓ.સી,પોલીસ મંજૂરી તથા અન્ય બીજી જરૂરી પરવાનગી મેળવી ન હતી. તેવી જ રીતે નિકોલમાં પ્લેટીનીયમ પ્લાઝામાં ચાલતા ગેમ ઝોનમાં પણ કોઈપણ જાતની પરવાનગી વિના ગેમ ઝોન બેફામ ચલાવવામાં આવતું હોવાથી નિકોલ પોલીસે ગેમ ઝોનના માલિક વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટની TRP ગેમઝોનની ગોઝારી દુર્ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને ગૃહ વિભાગના અધિકારીઓની બેઠકમાં આ પ્રકારની દુર્ઘટનાનું ભવિષ્યમાં ક્યારેય પુનરાવર્તન થાય નહીં તેની તકેદારીના ભાગરૂપે રાજ્યભરમાં આવી જગ્યાઓ પર ખાસ ચેકિંગ કરવા સહિત અસરકારક કડક પગલાં સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યના તમામ પોલીસ કમિશનર તથા તમામ જિલ્લા પોલીસ વડાઓને ગેરકાયદે ચાલતા ગેમ ઝોનમાં ચેકિંગ કરવા અને જે ગેમ ઝોનનું ફાયર NOC ન હોય તથા લાઈસન્સ ન હોય તેમજ નિયમ મુજબની કાર્યવાહી કરી ન હોય તેના માલિકો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવા આદેશ આપવામાં આવ્યા છે.

TRP ગેમઝોનની ગોઝારી દુર્ઘટનાને પગલે શહેરમાં પણ ચેકિંગ હાથ ધરાયું હતું અને જે ગેમ ઝોનનું ફાયર NOC ન હોય તથા લાઈસન્સ ન તેવા ગેમ ઝોન સીલ કરવામાં આવ્યા હતા જે ગેમ ઝોનમાં ૧. ટોય જોય ટેલ્સ, સેટેલાઈટ , ૨. શોટ્સ, સિંધુ ભવન રોડ , ૩. ઈન્ડી કાર્ટિંગ, શીલજ, ૪. ફ્રેન્ડલી કાર્ટિંગ, શીલજ , ૫. પીકલ બોલ ક્લબ, શીલજ ઉપરાંત આનંદનગર સીમ હોલમાં આવેલા ગેમ ઝોન, ચાંદલોડિયામાં આવેલો જોય એન્ડ જોય, ઘુમા આવેલા જોય બોક્સ, આરોહી રોડ પર આવેલા ફોન ઝોનનો સમાવેશ થાય છે.

### ગુજરાતીઓ માટે રાહતના સમાચાર

# આગામી દિવસોમાં ગરમી ૨-૩ ડિગ્રી ઘટી શકે: હવામાન વિભાગ

## દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમી પવનો નીચેના સ્તરે પ્રવર્તિ રહ્યા છે, જેને પગલે આગામી દિવસોમાં ગરમી ઘટી શકે છે



અમદાવાદ

અમદાવાદ સહિત ગુજરાતમાં આ વર્ષે રેકોર્ડ બ્રેક ગરમી નોંધાઈ, પારો અત્યારે ૪૦ ડિગ્રી ઉપર પહોંચેલો છે. પરંતુ એક તબક્કો એવો હતો કે ગરમીને કારણે શહેરીજનો તોબા પોકારી ઉઠયા હતા. છતાં ગરમી ઓછી થવાની કોઈ શક્યતાઓ જણાતી ન હતી. જળવાયુ પરિવર્તનને પગલે આ વર્ષે ગરમી રેકોર્ડ બ્રેક સપાટીએ પહોંચી ગઈ એવું જાણવામાં આવી રહ્યું છે. જેને માટે સમગ્ર વિશ્વ જવાબદાર છે. તેથી જો આવનારા સમયમાં જો આ દિશામાં યોગ્ય અને નક્કર પગલાં લેવાંમાં નહીં આવે તો તેના પરિણામો ચોક્કસ ચિંતાજનક હોઈ શકે છે.

પરંતુ હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવેલી માહિતી મુજબ હવે ગુજરાતના લોકોને ગરમીમાંથી આંશિક રાહત મળશે. આગામી દિવસોમાં ઉનાળો સમાપ્ત થશે અને ચોમાસું દસ્તક આપશે. આગામી દિવસોમાં ગરમી ઘટનાના સંકેત હવામાન વિભાગને જણાઈ રહયા આવી છે.

અમદાવાદ રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું. હવામાન વિભાગે જાહેર કરેલા આંકડા પ્રમાણે મંગળવારે ગુજરાતમાં સૌથી વધારે તાપમાન ૪૪.૧ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે સૌથી ઓછું તાપમાન ૨૫.૪ ડિગ્રી રહ્યું હતું. ૪૪.૧ ડિગ્રી તાપમાન સાથે અમદાવાદ રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. આ ઉપરાંત રાજકોટમાં ૪૩ ડિગ્રી, ગાંધીનગરમાં ૪૩.૪ ડિગ્રી, ભાવનગરમાં ૪૩.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત મોટા ભાગના વિસ્તારોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ રહ્યો હતો. એક હવામાંન જણાવતી સંસ્થા મુજબ આજે ૨૯ મે ૨૦૨૪ના રોજ ગરમી ગઈ કાલ કરતા એક ડિગ્રી ઘટશે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી રહેવાની શક્યતા છે જ્યારે લઘુતમ તાપમાન ૩૦ ડિગ્રી રહેશે. દિવસ દરમિયાન પવનની ગતિ ૨૦ કિલોમીટર પ્રતિકલાકની રહેશે જ્યારે હવાની ગુણવત્તા સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ત્રણ દિવસ ગરમીમાં આંશિક ઘટાડો જોવા મળશે. તો દક્ષિણ પશ્ચિમથી પશ્ચિમી પવનો નીચેના સ્તરે પ્રવર્તિ રહ્યા છે, જેને પગલે આગામી દિવસોમાં ગરમી ૨-૩ ડિગ્રી ઘટી શકે છે. હવામાન વિભાગ પ્રમાણે આજે ૨૯ મે ૨૦૨૪ના રોજ કચ્છ સૌરાષ્ટ્ર અને કેન્દ્ર શાસિત પ્રદેશો દિવ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે પવન ફૂંકાઈ શકે છે. જેના કારણે લોકોને ગરમીમાંથી રાહત મળી શકે છે. રાજ્યના મહત્વના શહેરોમાં ગરમીનો પારો જાણીએ કેટલો હતો , જેમા સૌ પ્રથમ અમદાવાદ ૪૪.૧મહત્તમ જ્યારે ૨૯.૦ લઘુત્તમ નોંધાઈ એજ પ્રમાણે ગાંધીનગર ૪૩.૪ અને લઘુત્તમ ૨૯.૨, સુરતમાં મહત્તમ ૩૪.૧,૨૯.૫ લઘુત્તમ ,વડોદરા ૪૦.૬ મહત્તમ અને ૨૯.૪ લઘુત્તમ અને આખરે રાજકોટમાં મહત્તમ તાપમાન ૪૩.૦ લઘુત્તમ ૨૬.૩નોંધાયું હતું.

આ બાજુ ભારતીય હવામાન વિભાગે ચોમાસાને લઈ મોટી જાહેરાત કરી છે અને કહ્યું છે કે, કેરળમાં ચોમાસુ ટૂંક સમયમાં પહોંચી શકે છે. ૩૧ મેના રોજ કેરળના દરિયાકાંઠે ચોમાસુ દસ્કત આપશે, ત્યારબાદ આગળ વધી મહારાષ્ટ્રમાં ૮થી ૧૦ જૂન સુધી પહોંચશે અને ગુજરાતમાં ૧૨ જૂનથી ૧૫ જૂન સુધી પહોંચી શકે છે.

# રાજકોટમાં જ ૮ ગેમઝોન સંચાલકો સામે ફરિયાદ

રાજકોટ

સુરતમાં પણ સરકારી તંત્ર સક્રિય થયું છે. શહેરમાં ગેરકાયદેસર રીતે ચાતાં પાંચ ગેમઝોન સામે ગુનો નોંધાયો છે. રાંદેર, પાલ, વેસુ, ઉમરાના ૫ ગેમઝોનના માલિકો સામે પગલા લેવાયા છે.

વડોદરા કોર્પોરેશન અને પોલીસ તંત્ર દ્વારા છેલ્લા ૩ દિવસમાં ફાયર એનઓસી વગર ચાલતા ગેમ ઝોન તેમજ હોસ્પિટલો, રેસ્ટોરન્ટો, શોપિંગ મોલો તેમજ કોમર્શીયલ બિલ્ડિંગોમાં ચેકિંગ શરૂ કરવામાં આવ્યું હતું. ગેમ ઝોન બંધ કરાવવા ઉપરાંત સીલ મારવાની અને નોટિસો આપવાની કાર્યવાહી કરવામાં હતી. આ કામગીરી માટે પાલિકાના વિવિધ વિભાગો તેમજ પોલીસતંત્રની ૧૬ ટીમો બનાવી કાર્યવાહી કરવામાં આવી છે. રાજકોટ અગ્નિકાંડ ની ગંભીરતાને ધ્યાનમાં રાખી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આ પ્રકારની દુર્ઘટનાનું ભવિષ્યમાં ક્યારેય પુનરાવર્તન ન થાય તેની તકેદારીના ભાગરૂપે રાજ્યભરમાં આ પ્રકારની જગ્યાઓ પર ખાસ ચેકીંગ કરવા સહિત અસરકારક કડક પગલાં સૂચનાઓ આપવામાં આવી છે. રાજ્યના તમામ પોલીસ કમિશનર તથા તમામ જીલ્લા પોલીસ વડાઓને ગેરકાયદેસર ચાલતા ગેમ ઝોનમાં ચેકીંગ કરવા સૂચના આપવામાં આવી છે. જે ગેમ ઝોનનું ફાયર NOC તથા લાયસન્સ મેળવેલ ન હોય તેવા સંચાલકો સામે ફરિયાદ દાખલ કરવા આદેશ આપવામાં આવ્યા છે.રાજકોટમાં TRP ગેમઝોનમાં થયેલ અગ્નિકાંડમાં ૨૮ લોકોના મૃત્યુ થયા બાદ હવે તંત્ર સફાળું જાગ્યું છે. ફાયર NOC ન હોય તેવા ૮ ગેમ ઝોન સંચાલકો સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.

રાજકોટના વર્ષો જુના પ્રખ્યાત ક્રિષ્ના વોટર પાર્ક તેમજ ફન બ્લાસ્ટ સહિત ૮ ગેમ ઝોન સંચાલકો સામે રાજકોટ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી છે. બીજી તરફ રાજકોટ કલેક્ટર કચેરી ખાતે કોંગ્રેસ અને NSUIએ હોબાળો કર્યો છે.

### રાજકોટ TRP ગેમ ઝોન અગ્નિકાંડ મામલે મોટો પર્દાફાશ

# પોલીસે ગેમઝોનને લાયસન્સ આપ્યાની વાત ફાયર બ્રીગેડે પણ છુપાવી

## RMC-પોલીસની લાપરવાહી દર્શાવતો પત્ર બહાર આવ્યો



રાજકોટ

રાજકોટ અગ્નિકાંડને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. ગેમઝોન અગ્નિકાંડ મામલે ઈસ્ઝ અને રાજકોટ પોલીસનો પર્દાફાશ થયો છે. રાજકોટ પોલીસ અને RMCના પાપનો પર્દાફાશ કરતો પત્ર સામે આવ્યો છે. રાજકોટ પોલીસે ગેમઝોનને લાયસન્સ આપ્યાની વાત રાજકોટ ફાયર બ્રીગેડે પણ છુપાવી હતી.પોલીસે ખોટી રીતે લાયસન્સ આપ્યું તે દિવસે જ તપાસ કરી હોત તો દુર્ઘટના ટળી શકી હોત. રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડ મામલે તપાસ માટે નિમેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમે રાજ્ય સરકારને પ્રાથમિક અહેવાલ સુપરત કર્યો છે. ત્રણ દિવસની તપાસના અંતે તૈયાર કરાયેલો અહેવાલ મુખ્યમંત્રી અને ચીફ સેક્રેટરીને અપાયો છે.

આ અહેવાલમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ તંત્રના અધિકારોની લાપરવાહીને કારણે જ આગ દુર્ઘટના બની હોવાનું પ્રાથમિક અનુમાન છે. જોકે, આ અહેવાલ બાદ સરકાર વધુ કડક કાર્યવાહી કરે તેવી શક્યતા જોવાઈ રહી છે. સવાલ એ છેકે, ૩૦થી વધુ નિર્દોષ લોકોના મોતના જવાબદારોને સજા મળશે કે પછી કાર્યવાહીના નામે ક્લિન ચીટ આપી દેવાશે.

રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડની તપાસ માટે રાજ્ય સરકારે સીઆઈડી ક્રાઈમના સિનિયર આઈપીએસ અધિકારી સુભાષ ત્રિવેદીના વડપણ હેઠળ સીટની રચના કરી હતી. સીટે ત્રણ દિવસની તપાસના અંતે મોડી સાંજે સરકારને પ્રાથમિક અહેવાલ સુપરત કરી દીધો છે. સૂત્રોના મતે, સીટે બે દિવસ સુધી ટીઆરપી ઝોન અગ્નિકાંડની તપાસ કરી કેટલાક પુરાવાઓ હાથવગા કર્યા હતાં આ ઉપરાંત આગ દુર્ઘટના સાથે સીધી કે આડકતરી રીતે જોડાયેલા મ્યુનિ,કોર્પોરેશન, ફાયર અને પોલીસ અધિકારી અને કેટલાંક સાક્ષીઓના નિવેદનો નોંધ્યા હતાં.

આ ઉપરાંત ટીઆરપી ગેમ ઝોનની બાંધકામની પરવાનગી, ફાયર એનઓસી, પોલીસની મંજૂરી, મનારંજન લાયસન્સ સહિત અન્ય જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી. પોલીસ અને ફાયર બ્રિગેડની મંજૂરીમાં કોની સાથે સાઠગાંઠ હતી જેના તપાસ કરાઈ છે. પ્રાથમિક અહેવાલ તૈયાર કર્યો હતો. જેમાં આ કરુણાંતિકા માટે જવાબદાર કોણ? તે અંગે તારણ રજૂ કરાયા છે. સીટના બે સભ્યો પ્રાથમિક અહેવાલ લઈને રાજકોટથી ગાંધીનગર આવી પહોચ્યા હતાં. આઈપીએસ અધિકારી સુભાષ ત્રિવેદીએ મુખ્યમંત્રી-ચીફ સેક્રેટરીને અહેવાલ સોંપવામાં આવ્યો હતો.

### ક્રાઈમ બ્રાન્ચે આરોપી કિરીટસિંહ જાડેજાની ધરપકડ કરી

# રાજકોટ અગ્નિકાંડમાં વધુ એક આરોપીની ધરપકડ

## આ મામલે હજુપણ અશોકસિંહ જાડેજાની શોધખોળ ચાલુ

રાજકોટ : રાજકોટ અગ્નિકાંડ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે આજે પાંચમાં આરોપી કિરીટસિંહ જાડેજાની ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે કિરીટસિંહ જાડેજા ટીઆરપી ગેમ ઝોનના માલિક છે. પોલીસે હવે એફઆઈઆરમાં સામેલ અન્ય આરોપી અશોકસિંહ જાડેજાને શોધી રહી છે. નોંધનીય છે કે રાજકોટમાં ગત શનિવારે ટીઆરપી ગેમ ઝોનમાં લાગેલી આગમાં ૩૩ લોકોના મોત થયા હતા. પકડાયેલ આરોપી કિરીટસિંહ જાડેજા અને અશોકસિંહ જાડેજા સાચા ભાઈઓ છે અને ગેમ ઝોન જગ્યાના માલિક છે. તે TRP ગેમ ઝોનનો માલિક હતો. પોલીસે કિરીટસિંહને પકડી લીધો છે અને અશોકસિંહ હજુ ફરાર છે.આ ઘટનામાં અત્યાર સુધીમાં પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ ઘટનામાં એક આરોપી પ્રકાશનું મોત થયું છે અને એક આરોપી અશોક સિંહ હજુ પકડાયો નથી. આ ઘટનામાં અત્યાર સુધીમાં પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ ઘટનામાં એક આરોપી પ્રકાશનું મોત થયું છે અને એક આરોપી અશોક સિંહ હજુ પકડાયો નથી. રાજકોટ ટીઆરપી ગેમ ઝોનના માલિક પ્રકાશ હિરનનું પણ આગમાં મૃત્યુ થયું હતું. ગેમ ઝોનમાંથી મળેલા અવશેષોમાંથી લીધેલા ડીએનએ સેમ્પલ પ્રકાશની માતાના ડીએનએ સાથે મેચ થયા છે. આ ગેમ ઝોનમાં પ્રકાશ સૌથી વધુ પ્રોફિટ શેરર હતો. આગ લાગી તે સમયે પ્રકાશ હિરન



પણ સીસીટીવીમાં કેદ થયો હતો. પ્રકાશ હિરણના ભાઈ જિતેન્દ્ર હિરાને પોલીસને અરજી આપી હતી. આગ લાગી તે સમયે પ્રકાશ હિરણ સીસીટીવીમાં જોવા મળ્યો હતો. આગની ઘટના બાદ પરિવાર સાથે કોઈ સંપર્ક થયો ન હતો. તમામ ફોન નંબર પણ સ્વીચ ઓફ હતા. ઘટના સ્થળે પ્રકાશની કાર પણ મળી આવી હતી. ગત શનિવારે રાજકોટના TRP ગેમ ઝોનમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ અકસ્માતમાં ૨૮ લોકોએ જીવ ગુમાવ્યા હતા. મૃત્યુ પામેલાઓમાં ૧૨ બાળકો પણ સામેલ છે. તમામ મૃતદેહો એટલી ખરાબ રીતે બળી ગયા હતા કે તેમની ઓળખ કરવી પણ મુશ્કેલ હતી. આવી સ્થિતિમાં ગેમ ઝોનના માલિકના પરિવારજનોએ દાવો કર્યો હતો કે અકસ્માતમાં એક સભ્ય દાઝી ગયો હતો.

### ફાયર એનઓસી હોવા છતાં કાર્યવાહીનો આક્ષેપ

# સુરતમાં પુણામાં શાળાને સીલ કરવામાં આવતા હોબાળો

## સુરત પાલિકાએ કોઈ સૂચના વિના સ્કૂલો સીલ કરવાની કામગીરી હાથ ધરી છે તે યોગ્ય નથી તેઓ આક્ષેપ કરાયો

સુરત

રાજકોટના ગોઝારા અગ્નિકાંડ બાદ ફરી એક વાર સુરત મહાપાલિકાનું તંત્ર જાગ્યું છે. રાજકોટની દુર્ઘટના બાદ સુરતમાં સીલિંગની કામગીરી ચાલી રહે છે. આજે વરાછા ઝોનના પુણા વિસ્તારમાં એક સ્કુલને સીલ કરતા ભારે હોબાળો થયો છે. સુરતમાં રવિવારે રાતથી શરૂ થયેલી ફાયર એનઓસી અને બીયુસી પરમિશન વિનાની તથા અન્ય ખામીઓ મળી આવે તેવી મિલકત સીલ કરવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી દરમિયાન પૂર્ણા વિસ્તારની એક ખાનગી સ્કૂલને પાલિકાએ સીલ કરી છે, જેને કારણે હોબાળો થયો છે. પુણા વિસ્તારમાં આવેલી નાલંદા વિદ્યાલયને પાલિકા દ્વારા સીલ કરવામાં આવી છે તેના વિરોધમાં પુણાગામ ખાનગી સ્કૂલ સંચાલક મંડળે વિરોધ કર્યો છે. સુરત પાલિકાએ કોઈ પણ જાતની સૂચના વિના સ્કૂલો સીલ કરવાની કામગીરી હાથ ધરી છે તે યોગ્ય નથી તેઓ આક્ષેપ કરાયો છે.

સંચાલકો જણાવે છે કે રાજકોટની ઘટના બાદ સુરત મહાનગરપાલિકા તંત્ર સફળ જાગ્યું છે અને આ કામગીરી કરી રહ્યું છે, પરંતુ શાળામાં કામગીરી માટે સમય આપવો જોઈએ. શાળાને વિદ્યાર્થીઓના ભવિષ્યની ચિંતા છે, એટલે તમામ સુવિધા ઉભી કરી છે અને ફાયર એનઓસી હોવા છતાં પણ સીલીંગની કામગીરી કરવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો છે.

### ગુજરાતની ૧૫ સરકારી યુનિવર્સિટીઓમાં

# UG ના પ્રવેશ માટે ૨ જૂન સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે

અમદાવાદ : રાજ્યની ૧૫ સરકારી યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓના હિતોને ધ્યાનમાં રાખી, બી.એ., બી.કોમ., બી.એસસી., બી.બી.એ., બી.સી.એ. સહિતના પ્રોગ્રામ અને અન્ય પ્રોગ્રામમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો GCAS ગુજરાત કોમન એડમિશન સર્વિસિસપોર્ટલ મારફત પ્રવેશ અંગે રજિસ્ટ્રેશન પ્રક્રિયા પહેલી એપ્રિલથી શરૂ કરેલ હતી. વેકેશન કે અન્ય કારણોસર ૨૮ મે ૨૦૨૪ને છેલ્લી તારીખ સુધીમાં ૪ લાખ ૩૯ હજાર ૮૬૫ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવેલ છે અને તે પૈકી ૨ લાખ ૬૩ હજાર ૧૧૫ વિદ્યાર્થીઓએ ફી ભરેલ છે અને હજુ પણ વિદ્યાર્થી રજિસ્ટ્રેશન/ફી ભરી શક્યા નથી. આ અંગે વિવિધ યુનિવર્સિટીઓ, કોલેજો અને વિદ્યાર્થીઓની રજૂઆત શિક્ષણ વિભાગને મળેલ હતી. આ બાબતે ગુજરાત રાજ્યના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણમંત્રી સમક્ષ રજૂઆત કરતા વિદ્યાર્થીઓના વ્યાપક હિત અને શિક્ષણની અગત્યની બાબત ધ્યાને લઈ તેમની સૂચના અનુસાર હવે GCAS (ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ) પોર્ટલ મારફતે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨ જૂન ૨૦૨૪ સુધી લંબાવવામાં આવે છે. રાજ્ય ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને આ તારીખ સુધીમાં અચૂક ફોર્મ તથા ફી ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા જાહેર થયેલ કેલેન્ડર મુજબ વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ જૂનના અંતમાં શરૂ કરવાનો હોઈ આ તારીખ કોઈ પણ સંજોગોમાં લંબાવવામાં આવશે નહીં તેમ રાજ્ય ઉચ્ચ શિક્ષણ વિભાગની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL